# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૭/ક્વા-૦૪/૨૦૨૦-૨૧/૧૩૪ તા.૨૦.૦૪.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૮૭/ક્વા-૦૪/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી અનીષભાઈ ઉમરભાઈ પટેલ ગામ – માંગરોળ

સબડીવીઝન: માંગરોળ શહેર

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી માંગરોળ

**:: કોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: શુક્રવાર (૨૬.૦૨.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૬.૦૨.૨૦૨૧ (શુક્રવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,અમો અરજદાર માંગરોળ ખાતે ફીઝા મેડિકલ પાસે કોહિનુર પ્લાઝા માં પરફેક્ટ લેબોરેટરી ધરાવીએ છીએ તે લેબોરેટરીમાં અમોના સાધન સામગ્રી આવેલ તે લેબોરેટરીમાં માંગરોળ પી.જી.વી.સી.એલ.કંપની વિજજોડાણ થી તા.૦૪/૦૯/૨૦૨૦ ના રોજ અમોની લેબોરેટરી શૉટશર્કિટ થયેલ અને તે શોટશર્કિટ થી અમોની લેબોરેટરીના સાધનોને નુકશાન થયેલ (બળી ગયેલ) અને તે એમોના લેબોરેટરીના તમામ સાધનોને નુકશાન થતાં અંદાજે રૂ. ૨,૫૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા નુકશાન થતાં એમોએ તે નુકશાન અંગે

માંગરોળ પી.જી.વી.સી.એલ. ને તા. ૦૪/૦૯/૨૦૨૦ ના રોજ જાણ કરતાં માંગરોળ પી.જી.વી.સી.એલ.એ સ્થળ સ્થિતીનું રોજકામ કરી આપેલ જેથી અમો અરજદાર ને માંગરોળ પી.જી.વી.સી.એલ. દ્વારા જે નુકશાન થયેલ છે. તે નુકશાન અપાવવા અમારી આપ સાહેબને નમ્ર વિનંતી છે. અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 માંગરોળ તાલુકા નાં માંગરોળ શહેરી વિસ્તારના શ્રી પડાયા મો.અમીન અબ્દુલકાદર દ્વારા લેબોરેટરીમાં શોર્ટ સરકીટથી નુકસાન નું વળતર મેળવવા માટે રજૂઆત કરવામાં આવેલ.

3.૧ શ્રી પડાયા મો.અમીન અબ્દુલકાદર વતી ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રમાં રજૂઆતકર્તા અનીષભાઈ ઉમરભાઈ પટેલ છે. જેઓ શ્રી પડાયા મો.અમીન અબ્દુલકાદર નાં નામે સિંગલ ફેઇઝ NRGP ગ્રાહક નંબર -૮૦૫૦૧/૦૬૪૩૧/૧ થી ૧.૦ કે.વી નું વીજ જોડાણ ધરાવે છે

3.૨ તા.3/૯/૨૦૨૦ નાં રોજ ૧૨-૩૬ કલાકે માંગરોળ શહેર પેટા વિભાગીય કચેરીનાં ફોલ્ટ સેન્ટર માં ફરિયાદ નંબર ૪૬૯૬૩ થી પરફેક્ટ લેબોરેટરીમાં લાઈટ ડીમ-ફૂલ થવા બાબત ની ફરિયાદ લખાવવામાં આવેલ ત્યારબાદ લેખિત અરજી તા ૩/૯/૨૦૨૦ નાં રોજ આપવામાં આવેલ જેમાં ઉપકરણોને નુકસાન થવા અંગે ની લેખિત રજુઆત્ત કરવામાં આવેલ જેના અનુસંધાને નાયબ ઈજનેર દ્વારા સ્થળ ખરાઈ કરવા જતા લેબોરેટરી બંધ હોવાથી તારીખ-૪/૯/૨૦૨૦ નાં રોજ સ્થળ રોજકામ કરવામાં આવેલ છે.

3.3 સ્થળ રોજકામ દરમિયાન સદર ગ્રાહક નાં મીટર કે સર્વિસ વાયરમાં કોઇપણ જાતની ક્ષતિ જણાયેલ નથી અને સ્થળ રોજકામ દરમિયાન પંખા તેમજ લેમ્પ ચાલુ હાલતમાં જોવા મળેલ છે પરંતુ ગ્રાહક દ્વારા ઇએલસીબી લગાડવામાં આવેલ નથી.

3.૪ આમ સદર ગ્રાહકનાં સ્થળ પર રૂબરૂ તપાસણી કરતા અરજદાર નાં મીટર સર્વિસ માં કોઈ નુકસાની થયેલ નથી તેમજ પંખા લેમ્પ ચાલુ હાલત માં છે.ઈએલસીબી ગ્રાહક દ્વારા લગાડવામાં આવેલ નથી જેથી ઉપકારનો ને નુકસાન થયા બાબતે પીજીવીસીએલ નાં નેટવર્ક ની ક્ષતિઓ ને કારણે અરજદારના ઉપકારનો ને કોઈ નુકસાની થયેલ નથી પરંતુ અરજદારના આતરિક વાયરીંગ ની ક્ષતિ નાં કારણે  તેના ઉપકારનો ને નુકસાન થયા હોવાનું સ્પષ્ટ થાય છે.

3.૫ ગ્રાહક ની તારીખ ૩/૯/૮૨૦૨૦ ની લેખિત રજૂઆત પ્રમાણે તા.૨/૯/૨૦૨૦ નાં રોજ ૧૨-૦૦ કલાકે એલટી તથા એચટી લાઈન ભેગા થતા તેમના ઉપકરણો બળી ગયેલ છે પરંતુ તારીખ ૨/૯/૨૦૨૦ નાં રોજ અરજદાર સિવાય અન્ય કોઈ ગ્રાહક ની ફરિયાદ નોંધાયેલ નથી આ અરજદાર ની વીજ પુરવઠો પૂરો પડતા ૧૧ કેવી માંગરોળ સીટી ફીડરમાં તારીખ ૨/૯/૨૦૨૦ નાં રોજ અન્ય ટ્રાન્સફોર્મર સેન્ટર નું જમ્પર બળી ગયેલ જેના કારણે ૧૧ કેવી લાઈન ૧૨-૨૫ થી ૧૪-૦૦ કલાક દરમિયાન બંધ રહેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ કંપની દ્વારા સ્થળ રોજકામ દરમિયાન સદર ગ્રાહક નાં મીટર કે સર્વિસ વાયરમાં કોઇપણ જાતની ક્ષતિ જણાયેલ નથી અને સ્થળ રોજકામ દરમિયાન પંખા તેમજ લેમ્પ ચાલુ હાલતમાં જોવા મળેલ છે પરંતુ ગ્રાહક દ્વારા ઇએલસીબી લગાડવામાં આવેલ નથી.

૪.૨ અરજદાર શ્રી દ્વારા કરવામાં આવેલ રજુઆત પીજીવીસીએલ કંપની ના નિયમ મુજબ યોગ્ય નથી.જેથી અરજદાર શ્રી ને વળતર મળવા પાત્ર નથી. તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯